# ઈસુની આજ્ઞા પ્રમાણે પીતર અને અન્યોએ શિષ્યો બનાવ્યા.

**પ્રાર્થના :** સ્વર્ગમાંના અમારા પિતા, મને અને જેઓને હું દોરું તે બધા ને વહાલા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના સાચા શિષ્યો બનવામાં સહાય કરો. તેનું માનવા અમારી સહાય કરો અને એવા શિષ્ય બનાવો જેઓ સર્વ માણસના નિયમો ઉપરવટ તેની આજ્ઞા માનવા પર પ્રેમ રાખતા હોય તેના જ નામમાં આમેન

**૧. પીતર અને અન્ય પ્રેરિતોએ કેવી રીતે તથા વિશ્વાસીઓને હિંમતવાન શિષ્યો બનાવ્યા તે જુઓ**

- પચાસમાના દિવસે યરૂશાલેમમાં આવેલા રોમ સામ્રાજયના તમામ યહૂદીઓ ત્યાં હાજર હતા. ઘણા લોકો ઉશ્કેરાટમાં હતા પરંતુ પીતરે તેમને કહ્યું, ''ઈસ્ત્રાએલના માણસો, ચમત્કારો દ્વારા પ્રભુએ નાઝરેથના ઈસુને ખ્રિસ્ત ઠરાવ્યો હતો....પરંતુ તમે તો દુષ્ટ લોકોની સાથે મળીને તેને વધસ્તંભે જડાવ્યો....પરંતુ ઈશ્વરે તેને મૂએલામાંથી ઊઠાડયો અને તેને પ્રભુ તથા મસીહ ઠરાવ્યો છે. પ્રે.કૃ. ૨ :૨૨-૩૬.૩૦૦૦



- તે દિવસે યહુદીઓએ પશ્ચાતાપ કર્યો, બાપ્તિસ્મા લીધું અને પ્રથમ વિશ્વાસની મંડળીમાં ઉમેરાયા.
- નવાઈ લાગે છે કે પ્રે.કૃનો ૨જો અધ્યાય પૂરો થાય તે અગાઉ તો હજારો વિશ્વાસીઓ ઈસુની આજ્ઞાઓનું પાલન કરવા લાગ્યા હતા. આટલું ઝડપી કેવી રીતે બન્યું ? આપણે જોઈએ કે પીતર તથા તેના સાક્ષીઓએ એવું શું કર્યું હતું જે આજે આપણે પણ કરી શકીએ છીએ. ?
- પચાસમાના સાત અઠવાડિયા અગાઉ ઈસુ મુએલામાંથી ઊઠયા, ૪૦ દિવસો સુધી પ્રેરિતોમાંના ઘણાને દેખાયા અને તેમને અંતિમ સૂચનાઓ આપી પચાસમાના દસ દિવસ અગાઉ ઈસુના શિષ્યોએ તેમને આકાશમાં ચઢી જતા જોયા હતા
- ઈસુએ ઘણી આજ્ઞાઓ આપી આ આજ્ઞાઓનું આપણે સાત ''મૂળભૂત'' આજ્ઞાઓમાં વિભાજીત કરીશું તે પ્રે.કૃ. ૨જા અધ્યાયમાં આરંભના ૩૦૦૦ તથા વિશ્વાસીઓએ પાળવાનું ચાલુ કર્યું. એક જ આજ્ઞાને નામ આપવામાં આવ્યું નથી એ તો પ્રેમ છે પણ એ તો તેઓ સંગત તથા વહેંચણી દ્વારા અનુસરતા જ હતા.
- પીતરની જેમ જ સારા શિષ્ય બનાવનારા ઈસુની આજ્ઞાઓ માનવાનું શીખવે છે. સંપૂર્ણ આધીનતા મંડળીને અતૂટ સાંકળની જેમ દૃઢ કરે છે.
- નીચેની આજ્ઞાઓ જુઓ અને તમારી મંડળીને જેની વધારે આવશ્યકતા હોય તેની સામે નિશાની કરો.




૧. પસ્તાવો કરો, વિશ્વાસ કરો અને પવિત્ર આત્મા પામો. (બદલાણ, પુનઃજન્મ) માર્ક ૧ :૫, યોહાના ૩ :૧૬, યોહાન ૨૦ :૨૨

૨. બાપ્તિસ્મા લો અને નવું જીવન જીવો. એ તો આપણા બદલાણને માટે જે જરૂરી છે તે તરફ જ દારે છે. પ્રે.કૃ. ૨:૩૮, માથ્થી ૨૬ :૧૮-૨૦.

૩. ઈશ્વર, પડોશીઓ, વિશ્વાસીઓ, જરૂરિયાતમંદો અને શત્રુઓને પ્રેમ કરો (તેમને માફ કરો) માત્થી ૨૨ : ૩૬-૪૦, યોહાન ૧૩ : ૩૪-૩૫, લૂક ૧૦ :૨૫-૩૭, માત્થી ૫ :૪૩-૪૮.

૪. રોટલી ભાંગી (સંગત, પ્રભુભોજન, ભજનને સુસસંગત સર્વ) માત્થી ૨૬:૨૬-૨૮, યોહાન ૪ :૨૪.

૫. પ્રાર્થના કરો (ઈસુના નામમાં, ગુપ્ત રીતે, પારિવારીક રીતે, મધ્યસ્થી કરો અને આત્મિક કલ્યાણ માટે) યોહાન ૧૬ :૨૪.

૬. આપો (આપણા ધન, સમય અને તાલંતોનું કારભારીપણું) લૂક ૬ :૩૮, માત્થી ૬ :૧-૪

૭. શિષ્ય બનાવો (ખ્રિસ્તને માટે સાક્ષી આપો, તેના ટોળાંનું પાલન કરો, વચનને પાળો, આગેવાનોને તાલિમ આપો, મિશનેરીઓ મોકલો) માત્થી ૨૮ :૧૬-૨૦

માત્થી ૨૮ :૧૮-૨૦માં આપેલ ઈસુના મહાન આદેશને **મુખપાઠ કરો** અને જુઓ.

- ઈસુએ ક્યા અધિકારથી તેના અનુયાયીઓને શિષ્યો બનાવવાની આજ્ઞા આપી.
- જગતના કોઈ રાજા, પ્રમુખ કે સેનાધિકારીના અધિકારથી વિશેષ અધિકારથી પુનરુત્થાન પામેલા જયવંત ખ્રિસ્તે આપણને આજ્ઞા આપી છે. શિષ્યો બનાવવા માટે કોની પાસે જવાનું આપણને કહેવામાં આવ્યું છે ?
- બાપ્તિસ્મા ઉપરાંત તમામ લોકોને કેવી રીતે શિષ્ય બનાવવાની કોણે આજ્ઞા આપી?
- ખ્રિસ્તની સર્વ આજ્ઞાઓ પાળવાના મહાન કાર્યને સરળ બનાવવા ઈસુએ કયું,આશ્વાસનદાયી વચન આપ્યું છે?
- પ્રે.કૃ. ૧ :૧૪માં પચાસમાના દિવસે જ્યારે ઈશ્વરે તેનું સામર્થી કામ કરવાનો આરંભ કર્યો ત્યારે શિષ્યો શું કરતા હતા ?
- પ્રે.કૃ. ૨: ૧-૨૪માંથી શોધી કાઢો કે પીતરનો ઉપદેશ સાંભળનાર યહૂદીઓને અસર થાય તે માટે પવિત્ર આત્માએ પ્રેરિતો દ્વારા શું કર્યું ?

**૨. અઠવાડિયા દરમ્યાન સહકર્મીઓ સાથે કરવાના કામોનું આયોજન કરો.**

- કોઈ કૂશળ માણસને ઈસુની મૂળભૂત આજ્ઞાઓ વિષે ગીત રચવાનું કહો જેથી લોકોને તેને યાદ રાખી શકે.
- ઈસુની મૂળભૂત આજ્ઞાઓ હજુ પણ ન માનતા હોય તેવા વિશ્વાસીઓની મુલાકાત લો અને તેમને સૂચનાઓ આપો.
- તેમને કહો કે તમામ સેવાઓનો પાયો આ આજ્ઞાઓ જ છે.
- તેમને કહો કે તેઓ ભલે હોઠો દ્વારા દિવસ રાત ઈશ્વરની સ્તુતિ કરતા રહે પણ જો તેઓ પ્રેમથી ઈસુની આજ્ઞાઓ માનતા નથી તો ઈશ્વર તેમની સ્તુતિનો સ્વીકાર કરશે જ નહિ. (માત્થી ૧૪ :૧-૮).

**૩. આગામી ભજનસેવા માટે સહકર્મીઓ સાથે આયોજન કરો.**

પ્રસંગાનુસાર અને સ્થાનિક રિવાજો અનુસાર પ્રવૃત્તિ પંસદ કરો અને તેમને ક્રમમાં રજુ કરો.

પીતર અને અન્ય શિષ્યો બનાવનારાઓ આરંભથી ઈસુની આજ્ઞાઓ માનવાનું કેવી રીતે શિખવતા હતા તે

તથા આરંભની મંડળીની વાર્તા કરો.

- માત્થી ૨૮ :૧૮-૨૦ ઈસુની અંતિ આજ્ઞાનું મહત્વ સમજાવો.
- ઈસુની સાત મૂળભૂત આજ્ઞાઓ વિષે યાદ રાખવાનું શીખવવામાં મદદ કરો.
- કહો કે આ આજ્ઞાઓ આપણા શિક્ષણ અને સેવાનો પાયો છે.
- ઈસુની સાત મૂળભૂત આજ્ઞાઓ પ્રભુના ટેરવે થઈ જાય તે મારે મદદ કરો.
- ઈસુ-ખડક પર ઘર બાંધનારના માણસનું  નાટક ભજવવા બાળકોની મદદ કરો.
- કહો કે બુધ્ધિમાન માણસે ઈસુની આજ્ઞાઓ સાંભળી અને માની.
- બાળકો તૈયાર કરેલા પ્રશ્નો બોલો.

ઈસુએ આજ્ઞા આપ્યા પ્રમાણે શિષ્યો બનાવવામાં પવિત્ર આત્માની મદદ માંગો.

**પ્રભુ ભોજન** માટે પ્રે.કૃ. ૨:૪૬ વાંચો. કહોકે આતો ઈસુની મૂળભૂત આજ્ઞા છે. જ્યારે આરંભના વિશ્વાસીઓ તેમના ઘરોમાં રોટલી ભાંગતા હતા ત્યારે તેઓ ઈસુની આજ્ઞા પાળતા હતા.

વિશ્વાસીઓને ઈસુની આજ્ઞાઓ માનવાનું શીખવનાર કાર્યકરો પાસે અહેવાલ **માંગો.**

અઠવાડિયા દરમ્યાન તમે જે પ્રવૃત્તિ કરવાના છો તેની **જાહેરાત કરો** અને તેનો પ્રબંધ કરો.

બે કે ત્રણ જણનાં **જૂથો રચો**. તેઓ પ્રાર્થના કરે, યોજનાને અમલમાં મૂકે અને એકબીજાને ઉત્તેજન આપે.

યોહાન ૧૪:૧૫ **મોઢે કરો**. જો તમે મારા પર પ્રેમ રાખો છો તો મારી આજ્ઞા પાળો.